| | | | | | |
|---|---|---|---|---|---|
| GJKT060004792025 | सत्यमेव जयते | દાખલ તારીખ :– | ૧૫/૧૦/૨૦૨૫ | | |
| | | રજુ તારીખ :– | ૧૫/૧૦/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ :– | ૦૫/૦૬/૨૦૨૬ | | |
| | | સમય :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૭ | ૨૧ |

**<u>મહે. દયાપરના જયુડિ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહની કોર્ટમા મું.દયાપર.</u>**

**આંક–**

| | |
|---|---|
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી :–** | **રાજેન્દ્રસિંહ નાનકસિંહ રાયશીખ**<br>**રહે. નરા, વાડી વિસ્તાર, તા.લખપત–કચ્છ.** |

| | |
|---|---|
| **તહોમત :–** | **ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ.** |

---------------------------------------------------

**ફરીયાદપક્ષ તરફે સ્પે.પી.પી.શ્રી. એન.જે.પુજારા**

**આરોપી તરફે વિ.વકીલ શ્રી. એસ.વી.ગઢવી**

---------------------------------------------------

**–: ચુકાદો :–**

(૧) આ કામના આરોપી સામે નરા પોલીસ સ્ટેશનમાં ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોધાયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામાં દેશી દારૂ ૫ લીટર જેમાં ૧ લીટર દેશીદારૂની કિં.રૂા.૨૦૦/– લેખી ૫ લીટર દેશીદારૂની કિં.રૂા.૧૦૦૦/– નો પ્રોહીબીશન મુદ્દામાલ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં રાખી રેડ દરમ્યાન નાસી જઈ ત્યારબાદ પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૩) સદરહું ફરીયાદીની ફરીયાદના આધારે પી.એસ.ઓ.એ ગુનો નોધી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, ચાર્જશીટ કરેલું.

(૪) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં તબદીલ થયેલું. તે ગુનાનું કોગ્નીઝન્સ લઈ, તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે નોધવામાં આવેલું. ત્યારબાદ, આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ, આરોપીની પ્લી નોધતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ,આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | શાંતીજી ચંદુજી ચૌહાણની જુબાની |
| ૨. | ૧૩ | અસલ ફરીયાદ |
| ૩. | ૧૪ | એફ.એસ.એલ. અર્થે મોકલાવેલ રવાનગી પત્રક |
| ૪. | ૧૫ | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ |
| ૫. | ૧૬ | અબ્દુલ ભેગન ઓઠાની જુબાની |
| ૬. | ૧૭ | પંચનામું |
| ૭. | ૨૧ | ઉમર રમજાન જત |

(૬) આ સીવાય બીજા કોઈ પુરાવા રજૂ થયેલ ન હોય. સબબ કામ આરોપીનુ વિશેષ નિવેદન માટે રાખેલ, પરંતુ પુરી તક આપ્યા છતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ ન હોય આરોપીનો વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અને બચાવપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામાં દેશી દારૂ ૫ લીટર જેમાં ૧ લીટર દેશીદારૂની કિં.રૂા.૨૦૦/-

લેખી ૫ લીટર દેશીદારૂની કિં.રૂા.૧૦૦૦/- નો પ્રોહીબીશન મુદ્દામાલ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં રાખી રેડ દરમ્યાન નાસી જઈ ત્યારબાદ પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: કારણો:-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક-૧૨ થી ફરિયાદી સાહેદ- શાંતીજી ચંદુજી ચૌહાણને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૨/૦૨/૨૦૨૫ ના રોજ તેઓ પોલીસના સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બામતી મળેલ કે હરાનગર વાડી વિસ્તારમાં આવેલ રાજેન્દ્રસિંહ નાનકસિંહ રાયસીખ પોતાની વાડીમાં દેશીદારૂનું વેચાણ કરે છે તેવી બાતમી મળતા સાથેના નરેન્દ્રસિંહે બે રાહદારી પંચો બોલાવી હકીકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ જઈ જોતા વાડીના શેઢા પાસે કાળા કલરના થેલામાં સફેદ કલરની પ્રવાહી ભરેલ ૫૦૦ એમ.એલ.ની ક્ષમતાવાળી ૧૦ કોથળી મળી આવેલ જે પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી જોતા તેમાંથી દેશીદારૂની તીવ્ર વાસ આવતી હોય તેમાંથી ૩૦૦ એમ.એલ. જેટલુ શીશીમાં નાખી પંચોની સહી વાળી કાપલી લગાવી સીલ કરેલ જે સેમ્લપ અર્થે કબ્જે કરેલ અને દેશી દારૂ લીટર-૫ કિં.રૂા.૧૦૦૦/- ગણી તપાસ અર્થે કબ્જે કરેલ જે અંગે વિગતવારનું પંચનામું કરેલ. આ કામે મુદ્દામાલ પરીક્ષણ અર્થે મોકલાવેલ જેનો રવાનગી પત્રક અને મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ અનુક્રમે આંક-૧૪ અને ૧૫ થી રજુ છે અને તમો આરોપી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ જે આંક-૧૩ વાળી ફરિયાદમાં ફરિયાદી પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યાર બાદ ફરિયાદી આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, ફરિયાદમાં પંચોના નામઠામ જણાવેલ નથી. બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને તેઓ સ્વીકારે છે કે, તપાસ કરનાર અધિકારી તેમના સિનિયર અધિકારી છે. બનાવ સ્થળે કોઈ વ્યક્તિ હાજર મળી આવેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચસાહેદ– અબ્દુલ ભેગન ઓઠાને આંક–૧૬ થી તથા ઉમર રમજાન જત આંક–૨૧ થી તપાસવામાં આવેલા છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે પોલીસે તેમની પાસે તૈયાર પંચનામામાં સહી લીધેલી અને તેઓ સદર આંક–૧૭ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે અને સદર પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. આમ પચં સાહેદોએ પંચનામાની વિગતને સમર્થન આપેલ ન હોઈ સદર પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ.

(૧૧) આ કામે ફરિયાદીની ફરિયાદ આંક–૧૩ થી રજુ થયેલ છે. પરંતુ ફરીયાદીના પુરાવાથી ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચ સાહેદનો પુરાવો નોધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી તેથી તે પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૩) જે રીતે ફરીયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્ધામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી પ્રોહી એકટની કલમ ૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો,આ કામે આરોપીના કબ્જામાંથી મુદ્ધામાલ દારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદી એ પોલીસના માણસ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવા રજુ કરેલ નથી. આ કામે ફરીયાદીને તપાસેલ છે અને તેઓએ ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર કરેલ નથી. તેમજ પંચ સાહેદ પણ પંચનામાની વિગતને સમર્થન આપતા નથી. મુદ્દામાલ આરોપીના કબ્જામાંથી મળેલ હોય તે પુરવાર થતું નથી. તે સંજોગોમાં સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૨૭૧(૧)અન્વયે ધી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ- ૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના નવા જામીન તથા એટલીજ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ.દયાપર.**

**તા.૦૫/૦૬/૨૦૨૬** **(હરપ્રિત સિંઘ)**

**જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, દયાપર.**

**જી.જે. ૦૧૪૨૭**